ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૦ માર્ચ, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

## કઠોલ ટાઉન ટોક

### -: કઠોલ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 505 |
| કુલ વસ્તી | 2566 |
| કુલ પુરૂષો | 1340 |
| કુલ સ્ત્રીઓ | 1226 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 75.07 |
| પુરૂષ સાક્ષરતા દર | 84.99 |
| સ્ત્રી સાક્ષરતા દર | 64.30 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 313 |
| ખેત મજૂર | 447 |
| સીમાંત વર્ગ | 317 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 88 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 252 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1753 |
| ગાય | 377 |
| ભેંસ | 1019 |
| અન્ય | 332 |

### -: જમીન ક્ષેત્રફળ :-

769 હેક્ટર 41 આરે 06 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 07 હેક્ટર 82 આરે 08 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 01 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 474 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 600 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 629 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 03 |
| ખેતી વિષયક જોડાણ | 89 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 245 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 424 |
| BPL કાર્ડ ધારકો | 193 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 66 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 20 |
| વિધવા સહાય | 18 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 02 |

## મહીસાગરની લહેરો અને પૌરાણિક નિલકંઠ મહાદેવના સાનિધ્યમાં વસેલું કઠોલ સમભાવ અને સામાજિક એકતા માટે જાણીતું છે



### બોરસદ તાલુકાનું અગ્રેસર ગામ
# કઠોલ

આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં મહીસાગરના કિનારેથી દસેક કિલોમીટરના અંતરે વસેલું કઠોલ ગામ ઉ. અ. 22' 19' અને પૂ. રે. 72'51' પર સ્થિત છે . આ ગામ તેની પૌરાણિકતા અને સામાજિક એકતા માટે જાણીતું છે. કઠોલનો ઈતિહાસ સદીઓ જૂનો છે. લોકવાયકા મુજબ ત્રણસો કરતાં વધુ વર્ષો અગાઉ અહીં દધીચ બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. તે સમયે ગામમાં બ્રાહ્મણોના પાંચસો અને કંસારા જ્ઞાતિના પાંચસો લોકોનો વસવાટ હતો. પરંતુ મોટાભાગના બ્રાહ્મણ પરિવારોએ કઠોલ ગામથી સ્થળાંતર કર્યું અને કાનમ પ્રદેશના કાનવા ગામે જઈ વસ્યા હતા, હાલમાં પણ પણ ત્યાં 'કઠેલા બ્રાહ્મણ' તરીકે ઓળખાય છે. જ્યારે કંસારા જ્ઞાતિના વંશજો હાલ અમદાવાદમાં સ્થાયી થયેલા છે. ગામમાંથી લોકવાયકા મુજબ મળેલી માહિતી અનુસાર ભીમાજી ગોહિલ અને તેમના કુટુંબીજનો આક્રમણકારો સામે સંઘર્ષ કરી ગામનું રક્ષણ કર્યું હતું.

**લોકવાયકા મુજબ ભીમાજી ગોહિલ અને તેમના કુટુંબીજનોએ આક્રમણકારો સામે સંઘર્ષ કરી ગામનું રક્ષણ કર્યું હતું**

ભૌગોલિક વિસ્તાર અને જળ સંપત્તિ અંગે મળતી જાણકારી પ્રમાણે કઠોલ ગામ આશરે 2.5 ચોરસ માઈલના ક્ષેત્રફળમાં વિસ્તરેલું છે. ગામ કુદરતી સંસાધનોથી સમૃદ્ધ છે. નિસરિયા તળાવ ગામની ઉત્તરે આવેલું આ વિશાળ તળાવ બારેમાસ પાણીથી ભરેલું રહે છે, જે ગામની સુંદરતા અને પશુ-પંખીઓ માટે આશીર્વાદરૂપ છે. ગામની પૂર્વ દિશામાં આવેલો મીઠા પાણીનો કૂવો આજે પણ 'જૂના કૂવા' તરીકે પ્રખ્યાત છે. આ ગામ રેલવે સ્ટેશન રાસથી આશરે ત્રણેક માઈલ દૂર આવેલું છે. ગામની વસ્તીમાં વિવિધતા હોવા છતાં ગજબનો સંપ જોવા મળે છે. ગામમાં મુખ્ય જ્ઞાતિ રાજપૂત (ગોહેલ, સોલંકી, પરમાર), પાટણવાડિયા ઠાકોર અને હરિજન, વણકર તળપદા જેવી અન્ય જ્ઞાતિઓ વસે છે. ગામના લોકો મુખ્યત્વે ખેતી પર નિર્ભર છે. ગામ આર્થિક રીતે સદ્ધર અને સુખી છે. લોકો એકબીજા સાથે સહકારી ભાવનાથી રહે છે અને પરસ્પરના પ્રસંગોમાં ઉત્સાહથી જોડાય છે. કઠોલ ગામમાં આધ્યાત્મિકતા ખાસ જોવા મળે છે. ગામની પૂર્વમાં આવેલું આ પૌરાણિક મંદિર અતિ ભવ્ય છે. આ મંદિરના નિભાવ માટે જમીન અર્પણ થયેલી છે. ગામના આસ્થાના કેન્દ્ર સમાન રામજી મંદિર પાસે હાલમાં ૨૨ વીઘાં જમીન છે. ગામની કુળદેવી તરીકે કાળકા માતાનું મંદિર બિરાજમાન છે. ઉપરાંત ખોડિયાર માતા, ભાથીજી મહારાજ, બળિયા દેવ, શિકોતર માતા અને મેલડી માતાના મંદિરો પણ અહીં શ્રદ્ધાનું કેન્દ્ર છે.

**ગામની પૂર્વમાં આવેલું પૌરાણિક મહાદેવ મંદિર અતિ ભવ્ય છે. આ મંદિરના નિભાવ માટે જમીન અર્પણ થયેલી છે**

## કઠોલમાં શિક્ષણનો પ્રેરણાદાયક દીપ પ્રજ્વલિત રાખનાર સંસ્થા સતમાર્ગ ઉત્તર બુનિયાદી વિદ્યાલય









આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આવેલું ગામ કઠોલ શિક્ષણ ક્ષેત્રે એક વિશેષ ઓળખ ધરાવે છે. ગામના શાંત અને પ્રકૃતિના સાનિધ્યમાં આવેલી સતમાર્ગ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, કઠોલ છેલ્લા ચાર દાયકાથી ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે જ્ઞાનનું પ્રેરણાસ્થાન બની રહી છે. વર્ષ ૧૯૮૩માં સ્થાપિત આ શાળાએ શિક્ષણ સાથે સંસ્કાર અને મૂલ્યોના સંવર્ધન માટે સતત પ્રયત્નો કર્યા છે.

સતમાર્ગ ઉત્તર બુનિયાદી વિદ્યાલયે તેની સ્થાપના પછીથી આજદિન સુધી ગામ અને આસપાસના વિસ્તારોના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની મહત્વપૂર્ણ કામગીરી કરીછે. વર્ષ ૧૯૮૩થી ૨૦૨૬દરમિયાન કુલ ૨૦૭૮ વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરી ચૂક્યા છે. આ શાળાની કામગીરીમાં ટ્રસ્ટી તરીકે પ્રતાપસિંહ ગોહિલ, મંત્રી તરીકે વિક્રમસિંહ ગોહિલ અને આચાર્ય તરીકે દિલીપસિંહ ગઢવી જવાબદારી સંભાળી રહ્યા છે. તેમની કામગીરીથી શાળાએ ગ્રામ્ય શિક્ષણ ક્ષેત્રે એક મોખરાનું સ્થાન મેળવ્યું છે.

શાળામાં કાર્યરત શિક્ષકો ખૂબ ઉત્સાહી અને જવાબદાર છે. તેઓ વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને સતત માર્ગદર્શન આપે છે. ઘણા વિદ્યાર્થીઓને ટ્યુશન સુવિધા મળતી નથી. તેથી શાળાના શિક્ષકો દ્વારા અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન જેવા મહત્વના વિષયો માટે વધારાના વર્ગો લેવામાં આવે છે. આ વધારાના વર્ગો વિદ્યાર્થીઓને અભ્યાસમાં મજબૂત બનાવવામાં ખૂબ મદદરૂપ થાય છે.

**ચાર દાયકાથી વધુ સમયથી ચાલતી આ સંસ્થા ગ્રામ્ય વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે સતત કાર્યરત**

ગ્રામ્ય વિસ્તારમાં અનેક પરિવારો માટે શિક્ષણનો ખર્ચ પડકારરૂપ બને છે. આ વાતને ધ્યાનમાં રાખીને શ્રી કઠોલ કેળવણી મંડળ તથા શાળા સંચાલન દ્વારા વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન જરૂરી નોટબુક અને સ્ટેશનરીની સહાય આપવામાં આવે છે. ગામના દાતાઓ , સંસ્થાઓ અને ગ્રામજનો પણ નોટબુક સહાય આપીને શિક્ષણ કાર્યમાં સહભાગી બને છે. શાળાના કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે. ખાસ કરીને પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે આ હોસ્ટેલ એક આશીર્વાદ સમાન સાબિત થઈ છે.

દૂરના વિસ્તારોમાંથી આવતા બાળકો માટે રહેવાની અને અભ્યાસ કરવાની સગવડ મળવાથી તેઓ શિક્ષણથી વંચિત રહેતા નથી. આ હોસ્ટેલ દ્વારા અનેક વિદ્યાર્થીઓને આગળ વધવાની તક મળી રહી છે. આ શાળાની એક વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે અહીં વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થીનીઓની સંખ્યા વધુ છે. કઠોલમાં આવેલી આ શાળા દીકરીઓ માટે શિક્ષણનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની છે.

ગ્રામ્ય કક્ષાની શાળા હોવા છતાં અહીંના વિદ્યાર્થીઓમાં શિસ્ત અને અભ્યાસ પ્રત્યેનો વિશેષ લગાવ જોવા મળે છે. દરેક વિદ્યાર્થી સમયસર શાળામાં હાજર રહે છે અને શિક્ષણ માટે ઉત્સાહપૂર્વક ભાગ લે છે. શિક્ષણના દીપને પ્રગટ રાખતી સતમાર્ગ ઉત્તર બુનિયાદી વિદ્યાલય ગ્રામ્ય શિક્ષણનું એક પ્રેરણાદાયક મોડેલ બની છે.

### પ્રકૃતિની વચ્ચે શિક્ષણનું સુંદર વાતાવરણ

કઠોલ ગામના શાંત અને હરિયાળા વાતાવરણ વચ્ચે આવેલી આ શાળા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અનુકૂળ સુવિધા પૂરી પાડે છે. ગામ તેમજ આસપાસના સીમ વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરે છે. શાળાનું પરિસર માત્ર અભ્યાસ માટે જ નહીં પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પણ ઉત્તમ છે. અહીં શિક્ષણ સાથે જીવનમૂલ્યો, શિસ્ત અને સંસ્કારો ઉપર વિશેષ ભાર મુકવામાં આવે છે. આ શાળાની વિશેષતા પુસ્તકાલય વ્યવસ્થા છે. શાળામાં વાંચનને ખૂબ મહત્વ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને ઈતર વાંચન તરફ પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વાંચનની આ પરંપરા વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ, જિજ્ઞાસા અને જ્ઞાનપ્રાપ્તિ માટેની ખંત વધારવામાં મદદરૂપ બને છે. પરિણામે વિદ્યાર્થીઓ માત્ર પાઠ્યપુસ્તકો પૂરતા સીમિત ન રહી, પરંતુ વિવિધ વિષયો અંગે જ્ઞાન મેળવવા પ્રેરાય છે.